

કેમેય હું તો રમીશ દોઢીયા...

'ગુજરાતમિત્ર' અને 'મેન ઈઝ હા' ગ્રુપ દ્વારા આયોજીત

# શેરી ગરબામાં અંબાજી રોડ અંબાજી માતાના સાનિધ્યમાં હજારો લોકોએ હાજરી આપી

સુરતઃ શહેરના જાણીતા પ્રાચીન મંદિર અંબાજી રોડ સ્થિત શ્રી અંબાજી મંદિર ખાતે ગુજરાત મિત્ર અને મેન ઈઝ હા ગૃપ ધ્વારા આયોજીત ગરબા સ્પર્ધામાં રવિવારે પ્રાચીન અને અર્વાચીન ગરબાએ ખેલૈયાઓને મન મુકીને ગરબે ઘુમાવ્યા હતા. વર્ષોથી ગુજરાત મિત્ર અને મેન ઈઝ હા ગૃપ ધ્વારા આયોજીત કરવામાં આવતી ગરબા સ્પર્ધામાં પહેલેથી આકર્ષણ હોવાથી અંબાજી માતાના મંદિર ખાતે માતાજીના સાંનિધ્યમાં ગરબા જોવા માટે અંદાજે ૫૦૦૦ થી વધુ લોકો એકઠા થયા હતા. લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બનેલા શેરી ગરબામાં લોકો ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને મનમુકીને ગરબા રમ્યા હતા. ગરબા સ્પર્ધામાં માત્ર યુવાનો જ નહિ પરંતુ નાના બાળકોથી લઈ મોટેરાઓ પણ ગરબાના તાલે મનમુકીને ઝુમ્યા હતા.

દરમ્યાનમાં સોમવારે પાલનપુર રોડ, હિદાયતનગર પાસે, એવરગ્રીન સોસા.માં શેરી ગરબાનું ્યોજન કરવામાં આવ્યું હતું. આ ગરબામાં બેસ્ટ ડ્રેસ માટે વૈશાલી વૈધ, બેસ્ટ એકશન માટે વર્ષા બામણીયા, બેસ્ટ મેલ માટે કરણ બાટલીવાળા, બેસ્ટ ફીમેલ માટે જાનકી વ્યાસ, બેસ્ટ ચાઈલ્ડમાં કૃતિકા વૈધ સહિત વિવિધ કેટેગરીમાં ઈનામો આપવામાં આવ્યા હતા.

**આજે ક્યાં ક્યાં શેરી ગરબા રમાશે?**

મહાવીર મહિલા મંડળ, અડાજણ આનંદ મહલ રોડ મહાલક્ષ્મી મંદિર પાસે, વ્હાઇટ લાઇન્ટ ગૃપ અડાજણ



પહેરીશું અમે ભાતભાતના ડ્રેસ...



જુઓ મારી સ્ટાઈલ...

# નવરાત્રિમાં મહિલાઓએ પોતાની સુરક્ષા કેવી રાખવી જોઈએ? પોલીસે ફેસબુક પેજ બનાવ્યું!

**યુવતીઓ** હવસખોરોની ચુંગાલમાં નહી ફસાય તે માટે સોશ્યલ મીડિયાને પોલીસે હથિયાર બનાવ્યું

સુરતઃ નવરાત્રિના પર્વ દરમ્યાન મોડી રાત સુધી ગરબા ચાલતા હોય છે. નવરાત્રિના આ પર્વ દરમ્યાન એકાંતનો લાભ લઈને યુવતીઓની છેડતી અને બળાત્કાર સહિતની ઘટનાઓ ભૂતકાળમાં પ્રકાશમાં આવી છે. છેડતી કે બળાત્કાર કે બીજી કોઇ અઘટિત ઘટના માટે પોલીસ દ્વારા તકેદારી તરીકે શહેરમાં આખી રાત દરમ્યાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવાની સાથે નવરાત્રિ હોય તે સ્થળે પણ ચેકિંગ રાખવામાં આવે છે. ખાસ મહિલા પોલીસને પણ ટ્રેનિંગ આપી પેટ્રોલિંગ કરાવવામાં આવે છે.

જોકે હવસખોરોના ચુંગાલમાં યુવતીઓ નહિ ફસાય તે માટે યુવતીઓ અને તેના પરિવારો પણ કેટલીક તકેદારી રાખે તે જરૂરી બન્યું છે. આજની યુવા પેઢી સોશ્યલ મીડિયાનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરે છે. આ સંજોગોમાં પોલીસે મહિલાઓની સુરક્ષાને લઈને બહોળો પ્રચાર થાય તે માટે ફેસબુક અને વોટ્સ એપ જેવી સોશ્યલ મીડિયાને હથિયાર બનાવ્યું છે.

પોલીસના ફેસબુક પેજ ઉપર યુવતીઓ શું કાળજી રાખવી તેને લઈને એક પેજ બનાવવામાં આવ્યું છે. જેમાં કેટલીક મહત્વની ટીપ આપવામાં આવી છે.

## યુવતીઓએ શું શું તકેદારી રાખવી જોઈએ?

- યુવતીઓએ નવરાત્રિ દરમ્યાન અજાણી વ્યક્તિને બદલે પરિચીત ગૃપમાં જ ગરબા રમવા જોઇએ.
- સમય મર્યાદામાં ઘરે આવી જવાની સાથે અજાણી વ્યક્તિ પાસે લિફ્ટ લેવાથી બચવું જોઇએ.
- અજાણી વ્યક્તિ પાસેથી આપેલાં ઠંડા પીણા કે ખાદ્યપદાર્થના સેવનથી દૂર રહેવું જોઇએ.
- મોડેથી આવવાનું થાય તે સંજોગોમાં એકાંત કે ગલીઓમાંથી પસાર થવાનું ટાળી ભીડભાડવાળો માર્ગ પસંદ કરવો જોઇએ.
- આજની યુવા પેઢી સોશ્યલ મીડિયા થકી ફ્રેન્ડસ બનાવતી હોય છે.
- તાજેતરમાં આ રીતે મિત્ર બન્યા હોય તેવી વ્યક્તિ જોડે મુલાકાત ટાળવી જોઇએ.
- મુસીબત જણાય તે સંજોગોમાં પોલીસ કંટ્રોલ રૂમનો નંબર અથવા મહિલા હેલ્પલાઇન ૧૦૯૧ ઉપર કોલ કરવો.



અમે તો રમીશું સાથેજ...

## ડબગરવાડમાં ૧૫૦ ટોપલીઓ અને કુમકાની સેરથી ગરબીનો શણગાર



(તસવીરો : સતીષ જાદવ - દિનેશ ત્રિવેદી)

ભાગળ નજીક આવેલા ડબગરવાડમાં ધ ડબ ગૃપ દ્વારા ગરબીમાં ૧૫૦ ટોપલીઓ અને કુમકાની ૯૦૦ સેરથી સજાવટ કરવામાં આવી છે તેમજ આ સજાવટમાં ૮૧૦૦ આભલા લગાવવામાં આવ્યા છે. ડબગરવાડની ઓળખને દ્રશ્યમાન કરતી આ સજાવટ ઉડીને આંખે વળગી રહી છે.

# જીએસટી, નોટબંધી, સ્વચ્છ ભારત અભિયાન, યોગ, બેટી બચાવો અભિયાન સાથેની નવરાત્રિ




**સુરતમાં** સગરામપુરા, હીરામોદીની શેરીમાં સાંપ્રત બાબતોને આવરી લઈ નવરાત્રિનું આયોજન કરાયું છે

સુરતઃ ગયા વર્ષે ઉરીના આતંકવાદી હુમલાની થીમ પર નવરાત્રીનું આયોજન કરનાર સગરામપુરા હીરા મોદીની શેરીના નવરાત્રી મહોત્સવના આયોજકોએ ચાલુ વર્ષે જીએસટી, નોટબંધી, સ્વચ્છ ભારત અભિયાન, યોગ, બેટી બચાવો અભિયાન પ્રાઇડ ઓફ ઈન્ડિયા, કેશલેશ ટ્રાન્જેકશન અને આરોગ્ય જાગૃતિ સહિતના સાંપ્રત વિષયો સાથેની ડેકોરેટીવ ડિસ્પ્લે સાથેની નવરાત્રીનું આયોજન કરતા સુરતીમાં આ નવરાત્રી મહોત્સવ આર્કષણનુ કેન્દ્ર બન્યુ છે. વિશાળ અને ભવ્ય એન્ટ્રીગેટ, પ્રાઈડ ઓફ ઈન્ડિયા સાથે સ્વાગત કરે છે. જુ દા-જુદા વિષયના ટેબ્લો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સંકલ્પના ગણાતા પ્રોજેકટ હાઈલાઈટ કરવામાં આવ્યા છે. મહોત્સવના આયોજન હિતેશ પટેલ સામાન્ય પરિવારમાંથી આવે છે. તેઓ સામાન્ય ઓટો રીક્ષા ચાલક છે. અને છેલ્લા છ વર્ષથી તેઓ જુદી જુદી થીમ પર આયોજન કરતા આવ્યા છે. ગણેશ મહોત્સવ પછી આ યુવકે તેના બે-ત્રણ મિત્રો સાથે મળી આ કોન્સેપ્ટ તૈયાર કર્યો છે. આ મંડળને માં ખમ્મા તોરલ મંડપ સર્વિસના સંચાલક સતીષભાઇ દ્વારા પણ દર વર્ષેની જેમ ચાલુ વર્ષે પણ મંડપ મફતમાં તૈયાર કરી આપ્યો છે.



સૌથી અમારા દાંડીયા...



માથે ગરબી સાથે આરાધના...

# વોન્ટેડ ગુનેગારને પકડવામાં ક્રાઈમ બ્રાંચ પર તલવારથી હુમલો થતા પોલીસનું ફાયરિંગ

**કડોદરામાં** ધાડના ગુનામાં વોન્ટેડ પાપેસિંહ ટાંકને ભેસ્તાન આવાસ માંથી પકડીને બહાર લાવી ત્યારે તેના ભાઇએ તલવાર વડે પોલીસ ઉપર હુમલો કર્યો

**હુમલો** થતા જ પોલીસે હવામાં ફાયરીંગ કરવાની ફરજ પડી, પોલીસ પર હુમલાની ઘટનાને પગલે ડીંડોલી પોલીસ દોડી આવી

સુરતઃ ભેસ્તાન આવાસમાં વોન્ટેડ ગુનેગારને પકડવા ગયેલી ક્રાઇમ બ્રાન્ચની ટીમને ઘેરી લઇ તલવાર વડે હુમલો કરવામાં આવતા પોલીસે હવામાં ફાયરીંગ કરી પોતાનો જીવ બચાવવાની ફરજ પડી હતી. પોલીસ ઉપર હુમલાની વાતે દોડતી થયેલી ડીંડોલી પોલીસે ભેસ્તાન આવાસમાં કોમ્બિગ કરી હુમલાખોરોને ઝડપી લીધા હતા.

ક્રાઈમ બ્રાન્ચના સબ ઈન્સપેક્ટર મિતેશ ત્રિવેદી તેમની ટીમ સાથે આજે બપોરે ભેસ્તાન આવાસમાં ગયા હતા. કડોદરાની ધાડમાં વોન્ટેડ અને ભૂતકાળમાં વાહનચોરી સહિતના ગુનામાં ઝડપાઇ ચૂકેલો રીઢો ગુનેગાર પાપેસિંહ ભોલેસિંહ ટાંક ઇ બ્લોકમાં તેના ઘરે આવ્યો હોવાની બાતમી મળતાં પોલીસ તેને પકડવા પહોંચી હતી. કડોદરાના ગુનામાં તેની વિરૂધ્ધ ૭૦ મુજબનું વોરન્ટ પણ ઈશ્યુ થયુ હોઇ તેને પકડવા પહોંચેલી પોલીસે તેને ઘરમાંથી ઝડપી લીધો હતો. તે વખતે તેની પત્ની, બહેન તથા ભાઇ રાજાસિંહ સહિતનાએ પોલીસને પકડી લઇ પાપેસિંહને છોડાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ તેમ છતાં પણ પાપેસિંહને નીચે સુધી તો લઇ આવી હતી, તે દરમ્યાન બીજું વીસેક વ્યક્તિઓનું ટોળું ત્યાં ધસી આવ્યું હતું અને પોલીસને ઘેરી લઇ પાપેસિંહને છોડાવવા પ્રયત્નશીલ બન્યું હતું. પોલીસનું આગળ વધવું મુશ્કેલ બન્યુ હતુ તે વખતે રાજાસિંહ તલવાર લઇ આવ્યો હતો અને પોલીસ ઉપર હુમલો કરી દીધો હતો.

## મહિલાઓને ઢાલ બનાવી પોલીસ ઉપર હુમલાઓ થયાના બનાવો પહેલાં પણ થયા હતા

હાલ ભેસ્તાન આવાસમાં રહેતાં ચીકલીગરોમાં કેટલાંક અહીં રીઢા ગુનેગારો પણ રહે છે. તે પહેલાં તેઓ બી.આર.સી. પાસે રહેતાં હતા. કોઇ ગુનેગારને પકડવા માટે પોલીસ અહીં પહોંચે તે સાથે જ મહિલાઓને ઢાલ બનાવી પોલીસ ઉપર હુમલો કરવો કે આરોપીઓને છોડાવી જવાના બનાવો અહીં પહેલાં પણ બન્યા છે. પોલીસ સાથે દર વખતે અહીં ઘર્ષણ થતું હોઇ પોલીસ અહીં ટાળતી હોય છે. આજે પણ પોલીસ સાથે આ જ રીતે ઘર્ષણ કરી હુમલો કરવામાં આવતા પોલીસ દોડતી થઇ હતી.

## પાપેસિંહના ભાઈ દ્વારા આડેધડ તલવાર વીંઝવાની શરૂઆત કરાતા પીએસઆઇ મિતેશ ત્રિવેદીએ રિવોલ્વર બહાર કાઢી

રાજાસિંહે જોખમી રીતે આડેધડ તલવાર વીંઝવાની શરૂઆત કરી હતી. ટોળાં વચ્ચે ઘેરાયેલી પોલીસ ઝપાઝપીમાં આરોપીને લઇ જવા માટે સંઘર્ષ કરી રહી હતી તે દરમ્યાન તલવાર વડે કરાયેલો હુમલો ઘાતક ઇજાનું કારણ બની શકે તેમ હોઇ પોતાની સાથે આવેલાં કર્મચારીઓની સુરક્ષાને ધ્યાને રાખી સબ ઇન્સપેક્ટર મિતેશ ત્રિવેદીએ પોતાની સર્વિસ રિવોલ્વર કાઢી એક રાઉન્ડ હવામાં ફાયરીંગ કર્યું હતું.

## ફાયરિંગના અવાજ સાથે ટોળામાં દોડાદોડી થતા પોલીસ આરોપીને લઈ બહાર નીકળી

ફાયરીંગના અવાજ સાથે જ ટોળામાં અફરા તફરી મચી હતી જેનો લાભ લઇ પોલીસ આરોપી સાથે ત્યાંથી બહાર નીકળવામાં સફળ રહી હતી. તે સાથે જ કંટ્રોલ રૂમને જાણ કરતાં ડીંડોલી પોલીસની ટીમ ત્યાં ધસી ગઇ હતી અને કોમ્બિંગ હાથ ધરી પોલીસ ઉપર હુમલો કરનાર ટોળાંને ઝડપી લઇ ઘાતક શસ્ત્રો પણ કબજે લીધા હતા.

# હવે રસ્તાના કામોની ગુણવત્તા જળવાશે, કામોનો ફોટો મોબાઈલ પર અપલોડ કરવાનો રહેશે

**સ્માર્ટ સિટી** ૩૧૧(ઓફિસર એપ) પર રસ્તાના કામોના રોજે રોજના મુકવા કમિશનરનો આદેશ

**નવી ટેકનોલોજી** મુજબ રસ્તા બનાવવા મનપાએ ૨૫૦ કરોડના ટેન્ડરો મંજ કર્યા છે

સુરતઃ સુરત મનપા દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન શહેરમાં ડામર રસ્તા બનાવવાના ૨૫ કામોના કુલ રૂા. ૨૫૦ કરોડના ટેન્ડર રકમના કામો હાથ ધરવામાં આવ્યા છે. અને આ કામો સુરત મનપા દ્વારા નવી ડિઝાઈન પ્રમાણે બનાવાશે.

જે માટે નવી ડિઝાઈન તૈયાર કરનાર કન્સલટન્ટ એસવીએનઆઈટી કોલેજના પ્રોફેસર દ્વારા તમામ કેટેગરીના રસ્તા બનાવવા માટે ઝીણવટપુર્વક રસ્તાના દરેક લેયરનું સુપરવિઝન કરવા માટે અને નવી ડિઝાઈન પ્રમાણેના રસ્તા બનાવવા માટે ઈજનેરોને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. રસ્તાના કામોનું સુપરવિઝન રોજ થઈ શકે તે માટે હવે આ કામોની વિગતોના ફોટોગ્રાફ વગેરે સ્માર્ટ સિટી ઓફિસર એપમાં અપલોડ કરવાના રહેશે. જેથી દરરોજની વિગત મળતી રહે તેવી તાકીદ આજે મનપા કમિશનર દ્વારા તમામ એન્જીનીયરોને કરવામાં આવી છે.

તમામ ઝોનના ડે.કમિનશર, ઝોનલ ચીફ ઓફિસર સહિતના તમામ રોડના કામો સાથે સંકળાયેલા ઈજનેરો સ્ટાફને રોજના રસ્તાના કામોની પ્રત્યક્ષ મુલાકાત લઈ ટેન્ડર સ્પેસીફીકેશન મુજબ ઉચ્ચ ગુણવત્તા સભર શહેરના રસ્તાઓ તથા વધુમાં વધુ સોસાયટીની રસ્તા બનાવવાના કામને પ્રાધાન્ય આપવાનો હુકમ કરવામાં આવ્યો છે. અને હવે તમામ કામગીરીની જાણકારી કેન્દ્ર/રાજ્ય સરકારની સ્માર્ટ સીટી ૩૧૧(ઓફિસર એપ) મોબાઈલ એપમાં સુરત મનપાના તમામ રસ્તાના કામો સાથે સંકળાયેલા તમામ આજનેરોએ રોજની અપડેટ આપવાની રહેશે.

# 'તારો જીવનપંથ ઉજાળ' પર પદ્મદર્શનજીના પ્રવચનમાં મોટી સંખ્યામાં ભાવુકો ઉમટ્યા

**જૈન શાસનમાં** તમાગચ્છમાં આવતા વિઘ્નો અને સંકટોનું દુર કરવાનું કામ તપાગચ્છ સંરશ્રક મણિભદ્રવીર કરે જ છે

સુરતઃ નાનપુરા સ્થિત મહાવીર હોસ્પિટલની સામે આવેલા સિધ્ધશિલા એપાર્ટમેન્ટ ખાતે પદ્મદર્શનવિજયજી મહારાજની નિશ્રામાં 'તારો જીવનપંથ ઉજાળ' વિષય ઉપર દ્વિદિવસીય પ્રવચનમાળાનું આયોજન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવુકો ઉમટી પડ્યા હતા.

જેમાં મહારાજે જણાવ્યું હતું કે, દુખ આવે તો જ સુખની મજા માણી શકાય. જો દુખ ન આવે તો સુખનું કોઈ મુલ્ય નથી. માત્ર મિઠાઈ ખાવાથી સુગર વધી જશે. મિઠાઈ સાથે ફરસાણ જરૂરી છે. સુખ એ મિષ્ટાન્ન છે જ્યારે દુખ એ ફરસાણ છે. સત્તા, સંપત્તિ અને સામગ્રીઓ એ તમારી 'ગુડવિલ' નથી પણ સાહસ, સાતવિકતા અને સહયોગ એ તમારી 'ગુડવિલ' છે. દુખથી અકળાઓ નહી, અને સુખથી છકી ન જાઓ. સાચુ સુખ બહારની દુનિયામાં નથી



પણ ભીતરી આત્મગુણોની સંપત્તિ દવિારા સાચા અર્થમાં સુખી બનાય છે. જૈન શાસનમાં તમાગચ્છમાં આવતા વિઘ્નો અને સંકટોને દુર કરવાનું કામ તપાગચ્છ સંરક્ષક શ્રી મણિભદ્રવીર કરતા હોય છે. પ્રતિ વર્ષની જેમ આજે સમગ્ર તપાગચ્છ જૈન સમાજમાં શ્રી માણિભદ્રવીરની પ્રાગટ્ય દિન તરીકે હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. આગલોક, મગરવાડા અને ઉજ્જૈન આ ત્રણ સ્થાન શ્રી મણિભદ્રવીરનાં છે. તેઓ બાવન વીરમાં મુખ્ય તરીકે છે. આજે કેટલાય સ્થાનોમાં શ્રી માણિભદ્રવીરનો હોમ-હવન કરવામાં આવે છે. સમસ્ત તપાગચ્છના તેઓ સંરક્ષક છે.

# રૂપિયા ૮૧ લાખના માલ પૈકી ૮ લાખનું માલ ચૂકવી પિતા-પુત્રો ગાયબ થઈ ગયા

**કુંભારીયા** રોડના કૌશલભાઈ પાસેથી ગોડાદરાનો ઓમપ્રકાશ શર્મા- પુત્ર રાકેશ અને મનિષ તેમજ ઓમારામે માલ મંગાવ્યો હતો

સુરત : કાપડનો વેપાર કરતા પિતા-પુત્રો તેમજ અન્ય એક એક વેપારી દ્વારા રૂા. ૮૧ લાખનો કાપડનો માલ ખરીદી તેના બદલે માત્ર રૂા. ૮ લાખનું જ પેમેન્ટ કરીને બાકીના રૂા. ૭૩ લાખ ચૂકવ્યા વગર પિતા-પુત્રો તેમજ વેપારી ફરાર થઈ જતાં પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોડાદરા જ્ઞાનજ્યોત સ્કૂલની પાસે માધવપાર્ક સોસાયટીમાં રહેતા ઓમપ્રકાશ શર્મા તેનો પુત્ર રાકેશ તેમજ મનીષએ ઉપરાંત ગોડાદરા માનસરોવર સોસાયટીમાં રહેતા ઓમારામ સોનારામ બેનીવાલે સાથે મળીને કાપડનો વેપાર શરૂ કર્યો હતો. આ દરમિયાન તેમની મુલાકાત કુંભારીયા રોડ ઉપર સંગીની એસ્કાઈમાં રહેતા વેપારી કૌશલ સુધીર મિશ્રા સાથે થઈ હતી. તમામએ કૌશલભાઈ પાસેથી રૂા. ૮૧ લાખનો સાડીનો માલ મંગાવ્યો હતો. અને તે તમામ બારોબાર બીજાને વેચી દીધો હતો. ૮૧ લાખના પેમેન્ટ પૈકી માત્ર રૂા. ૮ લાખ જ ચૂકવવામાં આવ્યા હતા. કૌશલભાઈએ તમામને ફોન કરીને પેમેન્ટની માં ગણી કરતા શર્મા પરિવારના પિતા-પુત્રો તેમજ વેપારી ઓમારામ બેનીવાલ દુકાન બંધ કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે સલાબતપુરા પોલીસમાં ફરિયાદ કરવામાં આવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# લિંબાયતમાં ઝુંપડપટ્ટીઓનું ડિમોલીશન, કોંગ્રેસે ન્યાય આપવા માંગણી કરી

સુરતઃ આંજણામાં મગદુમનગરથી ભારતનગર જતાં ૧૨ મીટરના ટી.પી રોડની અસરમાં આવતા નડતરરૂપ ઝુંપડાઓ દુર કરવાની કામગીરી આજે કરવામાં આવી હતી. જેમાં નડતરરૂપ ૨૪ જેટલા ઝુંપડાઓનું ડિમોલીશન કરવામાં આવ્યું હતું. ૨૪ જેટલા ઝુંપડાઓ હટાવી આશરે ૮,૬૦૦ ચો.ફુટ જગ્યાનો કબજો મનપા દ્વારા મેળવવામાં આવ્યો હતો. ડિમોલીશનથી રસ્તો ખુલ્લો થતા ભાઠેના જંક્શન અને આંજણા ગરનાળા પાસે થતી ટ્રાફિક સમસ્યામાં રાહત થશે.

જો કે સામા પક્ષે કોંગ્રેસ કોર્પોરેટર અસલમ સાયકલવાલા દ્વારા લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર આશિષ દુબેને આ અંગે જે-તે અધિકારી સમક્ષ યોગ્ય કાર્યવાહી કરવા રજુઆત કરી હતી. રજુઆતમાં જણાવ્યું હતું કે, બાબા નગરનું વર્ષ ૨૦૧૫માં લિંબાયતના કર્મચારીઓ દ્વારા વિડીયો કેમેરાથી સ્પોટ સર્વે કરવામાં આવ્યો હતો. અને ત્યારપછી વર્ષ ૨૦૧૬ ઓક્ટોબર સુધી આ તમામ અસરગ્રસ્ત પરીવારોને આવાસ મેળવવા માટે જરૂરી પુરાવા વર્ષ ૨૦૦૭ ની ચોર્યાસી વિધાનસભા વિસ્તારની મતદાર યાદીમાં સામેલ નામ તથા સંમતિ પત્રકની અફીડેવીડ કચેરીએ જમા કરાવી હતી.